## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૩/૧૦/૨૦૨૨ થી તા. ૨૯/૧૦/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

### (૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૭/૨૦૨૨ તા.૨૩/૧૦/૨૦૨૨ :-

તા. ૨૩/૧૦/૨૦૨૨ ના રોજ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં મીસીગ આવક અરજી નં ૩૨૯૪/૨૦૨૨ તા ૨૨/૧૦/૨૦૨૨ ના રોજ અરજી આપેલ જે અરજી આધારે ગુમ થનાર ઇસમ નામે પ્રહ્લાદ સ/ઓ મુકેશભાઇ જાતે રાઠોડ ઉ. વ. ૨૪ ધંધો નોકરી રહે ઘર નં ૫૬૫ શાંતીનગર સોસાયટી ભરથાણા કોસાડ અમરોલી સુરતવાળો તા ૨૧/૧૦/૨૦૨૨ ના રોજ તેઓના રહેણાક નાઘરેથી નીકળી સુરત રેલ્વે સ્ટેશન ઉપર પાર્કીગમાં ગાડી મુકી તેની ગર્લફ્રેંડ સાથે નવજીવન એક્સ ટ્રેનમાં બેસી જતો રહેલ તેવી હકીકત તેના ભાઇ નામે રાહુલ મુકેશભાઇ જાતે રાઠોડ ઉ. વ. ૨૫ ધંધો નોકરી રહે ઘર નં ૫૬૫ શાંતીનગર સોસાયટી ભરથાણા કોસાડ અમરોલી સુરત વાળાએ અરજી આપેલ જે અરજી આધારે વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સદર ગુમ થનાર ઇસમના મો.ફોન ઉપર અવાર નવાર સંપર્ક કરતા તેનો મોબાઇલ સ્વીચ ઓફ આવતો હોય અને તા ૨૩/૧૦/૨૦૨૨ ના બપોરના તેનો મોબાઇલ ચાલુ થતા મોબાઇલ ફોનનુ લોકેશન સુરત શહેર બોટની ગાર્ડન રાદેરનુ આવતા લોકેશન વાળી જગ્યાએ જઇ સદર પુરૂષ તથા મહીલાની તપાસ કરતા મળી આવતા તેઓનુ નામ સાક્ષી વા/ઓ સુમીત જાતે સુરાવત તથા ગુમ થનાર પુરૂષ નામે પ્રહ્લાદ સ/ઓ મુકેશભાઇ જાતે રાઠોડ ઉ. વ. ૨૪ ધંધો નોકરી રહે ઘર નં ૫૬૫ શાંતીનગર સોસાયટી ભરથાણા કોસાડ અમરોલી સુરત વાળાઓને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેઓની પુછપરછ કરતા સદર મહીલા જણાવે છે કે અમો બન્ને એક બીજાને પ્રેમ કરીએ છીએ અને અમારે લગ્ન કરવાના હોઇ પણ અમારા બન્નેના સમાજ અલગ અલગ હોવાથી અમો લગ્ન કરવા માટે તા ૨૧/૧૦/૨૦૨૨ ના રોજ ઘરે થી કોઇને જાણ કર્યા વગર નીકળી ગયેલ અને એક દિવસ પાવાગઢ ગયેલ ત્યાથી પરત સુરત આવેલ હોવાનુ જણાવતા તેઓના વાલીવારસોને સુરત રે.પો.સ્ટે.મા બોલાવી તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી તેઓ બન્નેનો કબ્જો તેઓના વાલી-વારસોને રૂબરૂમા સુપ્રત કરવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા.મા નોંધ કરવામા આવેલ છે.

### (૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૦૫/૨૦૨૨ તા.૨૩/૧૦/૨૦૨૨ :-

તા. ૨૩/૧૦/૨૦૨૨ ના રોજ કોસંબા આ.પો ના પો.કો. નાઓને કોસંબા રેલ્વે સ્ટેશન ઉપરથી એક છોકરો મળી આવતા જે બાબતે વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓને જાણ કરતા છોકરાને લઇ ચાઇલ્ડ હેલ્પ ડેસ્ક ઉપર ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે કલાબેન બાવિસ્કાર તથા મહેમુદ વોરા નાઓને સદર છોકરા વિશે માહીતી આપી તેઓ છોકરાને સુરત રેલ્વે પોલીસ લાવી પી.એસ.ઓ અતિનભાઇ રતનભાઇ નાઓ પાસે લાવી રજુ કરતા તેઓએ સદર છોકરાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ શિવમ સ/ઓ અનિલભાઇ જાતે ભામરે ઉ.વ. ૧૦ રહે નાગસેન નગર પાંડેસરા હાઉસીગ સુરત વાળો હોવાનુ જણાવતા તેના જણાવેલ સરનામે નાઇટ ડ્યુટીના પો. કર્મચારી તથા ચાઇલ્ડ લાઇન ટીમના સભ્યો રૂબરૂ જઇ સદર તપાસ કરતા તેના માતાપિતા હાજર મળી આવતા તેઓએ છોકરાને ઓળખી બતાવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી છોકરાનો કબ્જો તેના માતાપિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે

### (૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૨/૨૦૨૨ તા.૨૬/૧૦/૨૦૨૨ :-

તા.૨૬/૧૦/૨૦૨૨ ના રોજ એક મહિલા કોસંબા રેલ્વે સ્ટેશન ઉપર ભુલથી ઉતરી જતા કોસંબા આ.પો ના હેડ કોન્સ મશરૂભાઇ કરમશિભાઇ નાઓએ સદર મહિલાને પો.કો. પ્રકાશભાઇ રમણભાઇ નાઓ સાથે સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓએ સદર મહિલાનુ નામ ઠામ પુછતા તેને કોઇ ભાષા સમજ પડતી ન હોવાથી તેના સામાનમાંથી આધારકાર્ડ તથા મોબાઇલ નંબર મળી આવતા આધારકાર્ડમા સદર મહિલાનુ નામ માની વા/ઓ મનહર જાતે મંડલ ઉ.વ. ૫૩ રહે દક્ષિણા પાટીખાલી નગરતલા ૨૪ પરગાસન વેસ્ટ બંગાલ વાળી હોવાનુ જણાતા તેના મોબાઇલ નંબર ઉપર સંપર્ક કરતા તેઓના પૌત્ર નામે કુતંલ સ/ઓ ગણેશ જાતે મંડલ ઉ.વ. ૨૬ ધંધો નોકરી રહે સદર વાળાએ જણાવેલ કે સદર મહિલા મારાદાદી થાય છે અને તેઓ દ્વારકા દર્શન કરવા ગયેલ હતા ત્યાથી ભુલા પડેલ છે અને તેઓને લેવા આવવાનુ જણાવતા હોય જેથી સદર મહિલાના વાલીવારસો ન આવે ત્યાસુધી તેઓને અસ્થાઇ આશ્રય માટે સખી વન સ્ટોપ સેંટર ન્યુ સીવીલ હોસ્પેટલ સુરત ખાતે મુકવામાં આવેલ

બાદ તા ૨૮/૧૦/૨૦૨૨ ના રોજ સદર મહિલાના પૌત્ર સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર મહિલાનો કબ્જો તેના પૌત્ર ને રૂબરૂમા સોપવામાં આવેલ છે.

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૨૬/૨૦૨૨ તા.૨૮/૧૦/૨૦૨૨ :-**

તા. ૨૮/૧૦/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ તથા ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે અશોક બાગુલ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે ઉત્કર્ષ ફાઉન્ડેશનના સભ્ય નામે ચેતનભાઇ નાઓને પ્લે નં ૦૨ ઉપરથી એક છોકરો મળી આવેલ જેને સુરત રેલ્વે પોલેસ સ્ટેશન લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને સદર છોકરાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ વિષાલ સ/ઓ પટેલ જાતે બહુરૂપી ઉ.વ. ૧૬ ધંધો અભ્યાસ રહે. ઇંદ્રાબ્રીજ એરપોર્ટ રોડ બિલવાસ પોલીસ સ્ટેશનની પાછળ નરોડા અમદાવાદ વાળો હોવાનુ અને તેની માતા નાન પણમાં મરણ ગયેલ હોય ત્યાર બાદ તેના પિતાશ્રી નાઓએ બીજા લગ્ન કરેલ હોય અને સાવકી માતા ત્રાસ આપતી હોય જેથી તે ઘરેથી કોઇને જાણ કર્યા વગર તા ૨૬/૧૦/૨૦૨૨ ના રોજ નીકળી ગયેલ અને ફરતો ફરતો સુરત આવેલ હોવાનુ જણાવતા તેને તેના વાલીવરસોનો સંપર્ક નંબર યાદ ન હોય જેથી તેના વાલીવરસોની શોધખોળ ચાલુ રાખી છોકરાને શ્રી વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામા આવેલ જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૧૯/૨૦૨૨ તા.૨૯/૧૦/૨૦૨૨ :-**

તા. ૨૯/૧૦/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સી-ટીમના સભ્યો સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીંગમા હતા તે વખતે ટ્રેન નં ૦૯૧૮૫ આવતા સદર ટ્રેનમાં પેસેંજરોની ભીડમાં એક બાળકી રડતી મળી આવેલ જેથી તેને ચાઇલ્ડ હેલ્પ ડેસ્ક ઉપર લાવી પુછપરછ કરતા તેને જણાવેલ કે તેના માતાપિતા સાથે તે તેના વતન જવા સારૂ આવેલ અને તેના માતાપિતા ટ્રેનમાં ચઢી ગયેલ છે તેવુ જણાવતા સ્ટેશન માસ્તરની ઓફીસમાં જઇ સદર બાળકીના પિતાના નામનુ એનાઉન્સમેન્ટ કરાવતા તેઓ મળી આવેલ નહી બાદ સદર બાળકીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ આફરીન ડો/ઓ અજમલ જાતે અન્સારી ઉ.વ. ૦૭ રહે બંગાલી બસ્તી ભીંડીબજાર ઉન સચીન સુરત વાળી હોવાનુ જણાવતા તેની પાસેથી તેના મામાનો સંપર્ક નંબર મળી આવતા તેઓને જાણ કરતા બાળકીના મામા નામે મહમદ મુસ્તાક નાઓ આવી જણાવેલ કે તેના સાળાની દિકરી સુરત રેલ્વે સ્ટેશન ઉપર રહી ગયેલ છે તેવી હકીકત તેના બનેવી નામે અજમલ નાઓ જણાવતા હોય જેથી તેઓના મોબાઇલથી બાળકીના માતાપિતા સાથે વાતચીત કરતા તેઓએ જણાવેલ કે સદર ટ્રેન અંકલેશ્વર પહોચેલ છે અને તેઓ ઉતરીને પરત બાળકીને લેવા સુરત આવી રહેલ છે તેમ જણાવેલ બાદ સદર બાળકીના પિતા નામે અજમલ સ/ઓ જાન મોહમદ જાતે અન્સારી ઉ.વ.૨૯ ધંધો મજુરી રહે બંગાલી બસ્તી ભીડીબજાર ઉન સચીન સુરત નાઓ સુરત રે.પો.સ્ટે. આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકીનો કબ્જો તેના પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા